## કો.મુ.નં.૩૮/૨૦૨૦

**<u>આંક–૧ લગત હુકમ</u>**

કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. આજ રોજ પોકાર કરતા વાદી કે તેના વકીલ શ્રી હાજર નથી. સદર દાવો વર્ષ ૨૦૨૦ મા દાખલ કરેલ હતો. દાવાનુ રોજકામ જોતાં દાવો દાખલ કર્યા બાદ તા.૩૦–૮–૨૦૨૨ થી વાદી કે વાદીના વકીલશ્રી કોઈપણ આજ દિન સુધી હાજર રહેલા નથી. વધુમા વાદી તરફે પ્રતિવાદી દ્બારા ફાઈલ કરવા મા આવેલ O–7 R–11 ની અરજીનો જવાબ રજુ કરવા માટે પણ આજદિન સુધી તેઓ હાજર રહેલા નથી. ત્યારબાદ તા.૨૪–૫–૨૦૨૩ ના રોજ સરદહુ દાવો અત્રેની એડીશનલ કોર્ટ મા ટ્રાન્સ્ફર થઈને આવેલ. ત્યારબાદ અત્રેની કોર્ટ દ્બારા તા.૨૭–૬–૨૦૨૩ તથા તા.૨૫–૭–૨૦૨૩ ના રોજ વાદીને હાજર થવા માટે નોટિસ ઈશ્યુ કરવામા આવેલ હતી. જે નોટિસો વાદીને બજી જવા છતા પણ વાદી પોતે કે વકીલ મારફતે હાજર થયેલ નથી. આમ વાદીની વર્તણુંક જોતા વાદીને દાવા ની કાર્યવાહી આગળ ચલાવવામા આગળ કોઈ રસ જણાતો ન હોય જેથી વાદીનુ આ પ્રકારનુ નિષ્ક્રીય વલણ  ધ્યાને લઈ  વાદી ની ગેરહાજરી ના પરીણામે સિવિલ પ્રોસીઝર કોડ, ૧૯૦૮ ના ઓર્ડર–૯ રુલ–૩ મુજબ સદરહુ દાવો રદ (dismiss for default) કરવાનો હુકમ કરવામા આવે છે.

તા.૨૯/૦૮/૨૦૨૩ (મોહંમદ ફરહાદ સલીમ લોહિયા)

સ્થળ –કઠલાલ એડી.સીવીલ જજ.કઠલાલ

(કોડ નં. ૦૧૬૭૬)